230605-vk.doc

**' રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ-૨૦૦૫ '**
**ગુજરાત રાજય માહિતી આયોગની કચેરી માટે હિસાબી અધિકારી (વર્ગ-૨ ) અને ડ્રાઈવર (વર્ગ-૩) ની જગ્યા મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઇ.સેલ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૨૪ /૧૧/૨૦૦૫

**વંચાણે લીધો :-**

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૫/૧૦/૨૦૦૫ નો ઠરાવ.

**આમુખ :-**

ઉપર આમુખમાં વંચાણે લીધેલ તા.૦૫/૧૦/૨૦૦૫ નાં ઠરાવથી ' રાજય માહિતી આયોગ ' ની કચેરી માટે જરૂરી મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. રાજય માહિતી આયોગની કચેરી માટે હિસાબી અધિકારી (વર્ગ-૨) અને ડ્રાઈવર (વર્ગ-૩) ની જગ્યા મંજૂર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

આથી સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ' ગુજરાત રાજય માહિતી આયોગ ' ની કચેરી માટે નીચે મુજબની જગ્યાઓ હાલના તબક્કે મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| (૧) | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૧ જગ્યા | રૂ.૬૫૦૦-૧૦૫૦૦ (પ્રતિનિયુક્તિથી ભરવા) |
| (૨) | ડ્રાઈવર | ૧ જગ્યા | રૂ. ૩૦૫૦ - ૪૫૯૦ (ફાજલ કર્મચારીમાંથી અથવા લોન સર્વિસ અથવા પ્રતિનિયુક્તિથી ભરવા) |

૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૨/૧૧/૨૦૦૫ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી. એસ. ઉપાધ્યાય )
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-કૃપયા પાનું ઉલટાવો-